Extra No. 341

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, SEPTEMBER 22, 2025 / BHADRA 31, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં.ના તા.૧૦/૦૯/૨૦૨૫ના પત્ર નં.પીબી/૬૩૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૧૧/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/સમેશ્વર રોડ/એસ.ટી.બસ/૮૬૬/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ.-૨/૨સ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૩૯૧/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દવારા તા.૧૪/૦૭/૨૦૨૫ ના જાહેરનામાથી વિજાપુર-હિંમતનગર એસએચ-૫૫ ઉપર દેરોલ ગામ નજીક સાબરમતી નદી પરનો બ્રીજ જુનો હોઈ ભારે વાહનો માટે અવરજવર બંધ કરવામાં આવેલ છે તેમજ હાલમાં સંપૂર્ણપણે વાહનવ્યવહાર બંધ કરવામાં આવેલ છે. જેથી અમુક વાહનો દાવડ-આરસોડીયા-સમેશ્વર ગ્રામ્ય માર્ગે પસાર થાય છે પરંતુ દાવડ-આરસોડીયા-સમેશ્વર ગ્રામ્ય માર્ગ પણ ભારે વાહનો તથા ટ્રાફિક માટે અનુકુળ નથી. સદર માર્ગ પી.એમ.જી.એસ.વાય. યોજનામાં બનેલ છે. તેમજ સદર રસ્તાનો હાલમાં. ડી.એલ.પી. ચાલુ હોઈ અને રસ્તાની ડીઝાઈન ભારે વાહનો માટે ન હોઈ રોડ તુટવાની સંભાવના રહેલી છે. જે અંતર્ગત ના.કા.ઈ. ધ્વારા સ્થળ વિઝિટ કરતાં રસ્તાની સપાટીને ખુબ જ નુકશાન થયેલ છે. જેથી દાવડ-આરસોડિયા રોડ પરથી ભારે વાહનો પસાર ન થાય અને મોટા/ભારે વાહનો હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર વૈકલ્પિક રૂટ ઉપરથી પસાર થાય તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના અભિપ્રાય મુજબ આ રૂટ પર ભારે વાહનો બંધ કરવામાં આવે તો વાહનો અન્ય વૈકલ્પિક રૂટ ઉપરથી પસાર થાય તેની વિગતો સહિતનું જાહેરનામું પ્રસિધ્ધ થવુ ઈચ્છનીય છે.

વાસ્તે, દાવડ-આરસોડીયા-સમેશ્વર પર મોટા/ભારે વાહનોની અવર-જવર બંધ કરવા સંબંધે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું હર્ષદ વોરા (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-

ક્રમ	પ્રતિબંધિત રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	દાવડ-આરસોડીયા-સમેશ્વર	મોટા/ભારે વાહનો માટે	હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૧૫/૦૯/૨૦૨૫ના રાત્રે ૦૦:૦૦ કલાકથી તા.૧૪/૧૧/૨૦૨૫ના ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં મોટા/ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે . અધિકૃત કરવામાં આવે છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં. ધ્વારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

આજ તા. ૧૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

હર્ષદ વોરા,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:02:59 IST